# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

૭ જુલાઈ ૨૦૨૪ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦

સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.
૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.

OPEN BOOK / REGULAR શ્રેણી – ૨ WRITER YES / NO

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | SUPARVISOR SIGN. | |

MARKS

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

(૪૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** (૧૦)

૧. સામાઇયં **સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં** પજ્જુવાસામિ

૨. ન ફાસિયં **ન પાલિયં ન તીરિયં ન કિટ્ટિયં ન સોહિયં ન આરાહિયં** આણાએ

૩. સિવ **મયલ મરુય મણંત મક્ખય મવ્વાબાહ** મપુણરાવિત્તિ

૪. પસીયંતુ **કિત્તિય વંદિય મહિયા જે એ લોગસ્સ** ઉત્તમા

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** (૬)

૧. તિત્થયરા **તીર્થંકર, તીર્થની સ્થાપના કરનારા** ૨. મુચ્છાએ **મૂર્છા આવવાથી**

૩. સરણદયાણં **સર્વ જીવોને શરણ દેનારા** ૪. કરેમિ **કરું છું**

૫. સંકમણે **પગ મૂકીને કચર્યા હોય** ૬. મુત્તાણં **પોતે કર્મોથી મુક્ત થયેલા**

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ (માગધી) લખો.** (૬)

૧. પરિત્યાગ કરું છું **પચ્ચક્ખામિ** ૨. શ્રુતધર્મની આદિ કરનારા **આઈગરાણં**

૩. ભાંગે નહિ **અભગ્ગો** ૪. તેની આલોચના કરું છું **તે આલોઉં**

૫. સ્તુતિ કરાયેલા **અભિથુઆ** ૬. ઊંચો શ્વાસ લેવાથી **ઊસસિએણં**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૮)**

૧. પરમાત્માની ભક્તિથી કેવા ભાવ પ્રગટે છે? (૮)

**પરમાત્માની ભક્તિથી આનંદ, હર્ષ, ઉલ્લાસ, પ્રસન્નતા, અહોભાવ, નર્તનના ભાવ પ્રગટે છે.**

૨. અતિચાર એટલે શું? **નિયમને તોડવા તૈયાર થઈ જવું.**

૩. સામાયિક દ્વારા કયા શ્રાવકધર્મનું પાલન થાય છે?

**સામાયિક દ્વારા દાન, શીલ, તપ, ભાવ આ ચારે શ્રાવકધર્મનું પાલન થાય છે.**

૪. આપણી સર્વ પ્રવૃત્તિના મૂળમાં શું છે?

**આપણી સર્વ પ્રવૃત્તિના મૂળમાં આપણી માન્યતા છે.**

૫. રાજ કથા એટલે શું? **રાજ કથા એટલે રાજ્ય વિશે વાતો અને ચર્ચાઓ કરવી.**

૬. નમોત્થુણંમાં તીર્થંકરને કઈ ઉપમાઓ આપી છે?

**સિંહ, પુંડરિક કમળ, ગંધહસ્તિ, દીપક, દ્વીપ, સારથી.**

૭. ધર્મતીર્થ કોને કહે છે? **જેનાથી સંસાર સાગર પાર કરી શકાય.**

૮. સામાયિકની પ્રતિજ્ઞા કોની સાક્ષીએ લેવાય છે?

**સામાયિકની પ્રતિજ્ઞા ભગવાન તથા ગુરુ ભગવંત તેમ જ સ્વયંના આત્માની સાક્ષીએ લેવાય છે.**

૯. બે શબ્દમાં જવાબ લખો. (૫)

૧) લોગસ્સના બીજા નામ શું છે? **ઉત્કીર્તન સૂત્ર, ચતુર્વિંશતિ સ્તવ**

૨) સામાયિકની સાધના કેવી છે? **ઉત્તમ, શ્રેષ્ઠ**

૩) નમોત્થુણંમાં શેની ઉર્મિઓનો સાગર લહેરાય છે? **ભક્તિ, ભાવો**

૪) સામાયિકમાં પચ્ચક્ખાણ દ્વારા શેને કંટ્રોલમાં રાખવાનો અભ્યાસ થાય છે? **મન, ઈંદ્રિય**

૫) ધર્મના કેટલા પ્રકાર બતાવ્યા છે? **પ્રવૃત્તિ, નિવૃત્તિ**

૧૦. ખાલી જગ્યા પૂરો. (૩)

૧) સાગરમાં ......., ....... આવે છે. **ભરતી, ઓટ**

૨) સામાયિકમાં ...... નો સ્પર્શ ન કરાય. **વિજાતીય**

૩) તીર્થંકર ...... ની સ્થાપના કરે છે. **જિનશાસન**

૪) શ્રાવક દોષ સેવન પ્રત્યે ...... બને છે. **જાગૃત**

૫) સામાયિકમાં ...... આદિ શુભ પ્રવૃત્તિથી પુણ્યનો બંધ થાય છે. **સ્વાધ્યાય**

**૧૧. આંકડામાં જવાબ લખો.** **(૨)**

૧) ઉત્કૃષ્ટ તીર્થંકર **૧૭૦** ૨) સિદ્ધ ગતિની વિશેષતા દર્શાવતા શબ્દો **૭**

૩) વચનના દોષ **૧૦** ૪) ક્રિયાના પ્રકાર **૩**

**(૨૦)**

**પ્ર.૨ સામાન્ય સમજણ વિભાગના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૦)**

૧. વર્તમાન તીર્થંકર ૮ અને ૧૬ **૮ અનંતવીર્ય સ્વામી ૧૬ નેમપ્રભ સ્વામી**

૨. અભિગમ ૨ અને ૪ **૨ અચેતનો વિવેક ૪ ઉત્તરાસંગ**

૩. તત્વ ૪ અને ૮ **૪ પાપ તત્ત્વ ૮ બંધ તત્ત્વ**

૪. અશુભ ગતિ **નરક, તિર્યંચ**

૫. આપણું લક્ષ્ય **મોક્ષ/મુક્તિ**

૬. ધર્મ અનુરાગથી અનુરક્ત બનવું **માનસિક પર્યુપાસના**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૧૦)**

૧. ભગવાન પાસે શું પ્રાર્થના કરવાની છે? નરકમાં કોણ સમભાવમાં રહી શકે છે?

**ભગવાન પાસે મારામાં ઉત્કૃષ્ટ કોટિનો સંવેગભાવ-નિર્વેદભાવ પ્રગટ થાય એવી પ્રાર્થના કરવાની છે.**

**સમકિતી આત્માઓ પૂર્વે કરેલા ધર્મના પ્રતાપે દુ:ખોની વચ્ચે સમભાવમાં રહી શકે છે.**

૨. અંજલીકરણ સમજાવો. **ગુરુના સાંનિધ્યમાં પ્રવેશ કરીએ કે દૂરથી જ ઉપાશ્રયનું બ્લીડીંગ દેખાય, જ્યાં ગુરુ બિરાજમાન હોય ત્યારથી જ હાથ જોડાઈ જવા જોઇએ, જેનાથી ગુરુ સાથે એક ડિવાઈન કનેકશન થાય છે. જોડાયેલા હાથ ઈગોને ઝીરો કરવાની પ્રોસેસ છે.**

૩. અત્યારે તીર્થંકર કયા ક્ષેત્રમાં છે? ત્યાં કેટલા તીર્થંકર છે? તેમના નામથી શું થાય છે? ક્યાં તીર્થંકર નથી?

**અત્યારે તીર્થંકર મહાવિદેહ ક્ષેત્રમાં છે. ત્યાં ૨૦ તીર્થંકર છે. તેમના નામથી કર્મનો ક્ષય થાય છે. આપણા ક્ષેત્રમાં તીર્થંકર નથી.**

૪. સંતો માટે સચેત વસ્તુ શા માટે દોષનું કારણ છે? ઉત્તરાસંગથી કયા જીવોની જતના થાય છે?

**સંતો સચેત વસ્તુના ત્યાગી હોય છે, જો સચેત વસ્તુ આપણી સાથે હોય તો તેનો સંઘટ્ટો અને અચાનક સ્પર્શ થવાની પણ સંભાવના છે. ઉત્તરાસંગથી વાયુકાયના જીવોની જતના થાય છે.**

૫. દેવગતિમાં કોણ જાય છે? **તપ-જપ કરનાર, ધર્મસાધના કરનાર, દયાવાન, કરુણાવાન, ગુણવાન જીવો.**

(૧૫)

**પ્ર. ૩ સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૧૦)**

૧. આપણો કર્મસિદ્ધાંત શું છે? **ભગવાન સુખ-દુ:ખ આપતા નથી. આપણા કર્મો પ્રમાણે આપણને બધું મળે છે.**

૨. આત્માના ગુણ કયા છે? **ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ.**

૩. તિથિ શેના આધારે નક્કી થાય છે? **તિથિ ચંદ્ર ભ્રમણ અનુસાર નક્કી થાય છે.**

૪. મીણબત્તી પેટાવવાથી કયા જીવોની હિંસા થાય છે? **મીણબત્તી પેટાવવાથી અગ્નિકાય અને વાયુકાયના જીવોની હિંસા થાય છે.**

૫. મહિનાના પહેલા પંદર દિવસને શું કહેવાય? તેમાં કેટલી તિથિ આવે?

**મહિનાના પહેલા પંદર દિવસને શુક્લપક્ષ કહેવાય. તેમાં પાંચ તિથિ આવે.**

૬. શુભ દિવસની શરૂઆત કેવી રીતે કરવાની? **શુભ દિવસની શરૂઆત માતા-પિતાના આશીર્વાદથી, દેવ, ગુરુના દર્શનથી કરવાની.**

૭. આત્મા ક્યારથી છે? **જ્યારથી સમય છે ત્યારથી આત્મા છે.**

૮. જૈન ધર્મમાં શેને મહત્ત્વ આપ્યું છે? **જૈન ધર્મમાં ત્યાગને વિશેષ મહત્ત્વ આપ્યું છે.**

૯. આત્માને કેટલા અને કયા બોલ દ્વારા જાણવાનો છે? **(૨)**

**આત્માને છ બોલ દ્વારા જાણવાનો છે. ૧) આત્મા છે ૨) આત્મા નિત્ય છે ૩) આત્મા કર્મનો કર્તા છે ૪) આત્મા કર્મનો ભોક્તા છે ૫) મોક્ષ છે ૬) મોક્ષના ઉપાય છે.**

**(૨) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

૧. જૈન ધર્મના સિદ્ધાંતો પ્રમાણે આપણી ......, ......, ...... રાખવું જોઇએ. **વાણી, વર્તન, વ્યવહાર**

૨. ફ્રેન્ડસ સાથે ......, ...... અને ...... કરીએ છીએ. **આઉટીંગ, પિકનિક, પાર્ટીસ**

૩. તિથિના દિવસોમાં ......, ......, ...... નો ત્યાગ કરવો જોઇએ. **નાટક, સિનેમા, હોટેલ**

૪આત્મા ...... માંથી બનેલો નથી. **પદાર્થ/ મટીરીયલ/સામગ્રી**

(૫)

**પ્ર.૪ ધર્મ અને વિજ્ઞાનના આધારે નીચેના વાક્ય સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.**

૧. નય એટલે દષ્ટિકોણ. **સાચું.**

૨. વસ્તુ પ્રત્યે મૂર્ચ્છા રાખવી તે અપરિગ્રહ. **ખોટું. વસ્તુ પ્રત્યે મૂર્ચ્છા રાખવી તે પરિગ્રહ.**

૩. આપણું જીવન દ્રવ્યથી હિંસામય અને ભાવથી અહિંસામય હોવું જોઇએ.

**ખોટું. આપણું જીવન દ્રવ્યથી અને ભાવથી અહિંસામય હોવું જોઇએ.**

૪. ભગવાને અમૂલ્ય બોધ ૨૫૦૦ વર્ષ પહેલા આપ્યો હતો.

**ખોટું. ભગવાને અમૂલ્ય બોધ ૨૬૦૦ વર્ષ પહેલા આપ્યો હતો.**

૫. જેવું અન્ન તેવું મન. **સાચું.**

(૧૦)

**પ્ર.૫ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

૧. સાચા સંયમી કોણ છે? **પરિષહમાં જે પ્રસન્ન રહે તે જ સાચા સંયમી છે.**

૨. શા માટે આપણો પુણ્યનો ઉદય છે? **આપણા માતા-પિતાએ આપણને ધર્મમય સુસંસ્કારો આપ્યા છે.**

૩. દુનિયાનો નિયમ શું છે? **આ હાથે દેવું અને આ હાથે લેવું.**

૪. વૃદ્ધે શું વ્યક્ત કર્યું? **અત્યંત અહોભાવ અને ઉપકારભાવ વ્યક્ત કર્યો.**

૫. હાથીને કયું જ્ઞાન ઉત્પન્ન થયું? **હાથીને જાતિ સ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું.**

૬. પરમાત્માનું વચન આપણા માટે જીવનમંત્ર બની જાય તો શું થાય?

**આપણે કેટલા બધા પાપથી બચી જઈએ. આપણી અંદર જીવદયાનો ગુણ પ્રગટ થઈ જાય.**

૭. આપણા હાથને આપણે કેવા બનાવવા જોઇએ? **આપણા હાથને આપણે હેલ્પફુલ બનાવવા જોઇએ.**

૮. પ્રભુની વાણી શેનાથી બચાવે છે? **પ્રભુની વાણી જન્મોજન્મના મૃત્યુથી બચાવે છે.**

૯. મરિચીએ કપિલને શું કહીને પોતાનો શિષ્ય બનાવ્યો? **ધર્મ મારી પાસે પણ છે અને ધર્મ ત્યાં પણ છે.**

૧૦. ઋષભદેવ પૂર્વભવમાં શું હતા? તેમના કેટલા મિત્ર હતા? **ઋષભદેવ પૂર્વભવમાં જીવાનંદ વૈદ્ય હતા. તેમના પાંચ મિત્ર હતા.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. વિસહર **વિસ નિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં, વિસહર ફુલ્લિંગમંતં, કંઠે ધારેઇ જો સયા મણુઓ, તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠ જરાજંતિ** ઉવસામં.

૨. વેર **ભાવો તજીને, રમણીય મારે રહેવું છે, ઉદયભાવોને જાણીને, સમભાવે સહેવું છે,**

**સમર્પણાથી શૂન્ય બની, ગુરુ સંગ જવું છે, પરમાતમના પથ પર, પગલું હવે** ભરવું છે.

૩. ઘરની **રસોઈ જમજે, કચકચ કદી ના કરજે, સાત્વિક ભોજન કરી, ચૌવિહાર સદા કરજે,**

**આતમની અણહારકતાને, નજર સામે ધરજે, સંકલ્પ એવો કરીને, પ્રભુ જેવો** બનજે.

૪. નિર્ગ્રંથ **ગુરુ મળ્યા, ભવના ફેરા ટળ્યા, સર્વશ્રેષ્ઠ આગમ મળ્યા, મિથ્યા ભાવો દૂર ટળ્યા,**

**સદ્દ્વાંચન કરો** વારંવાર.

૫. ખાલી જગ્યા પૂરો.

૧) ......, ...... રહી, સહુના દિલ જીતવા છે. **વિનય, વિવેકપૂર્વક**

૨) ...... નો ત્યાગ કરજે, ....... માં રમણતા ધરજે. **રસાસક્તિ, તપ**

**જય – જિનેન્દ્ર**

- **PLEASE CONATADØCT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- **NEXT CLASS STARTS AUGUST 6TH/7TH MONDAY AND TUESDAY**
- **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914DA**
- **FOR BOOKS AND EXAM REGISTRATION**